ગાંધીનગર સમાચાર

**શહેરીજનો રોજનો રૂ. ૪૦૦૦૦નો લીલો ઘાસચારો ગાયને ખવડાવે છે**

# સર્વેના અંતે સેકટરોમાં સ્ટોર્મ વોટર લાઈનનું આખરી આયોજન

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર શહેરમાં દાયકાઓના અંતે પણ વરસાદી પાણીના નિકાલની લાઈનનું કામ હાથ ધરવામાં આવ્યું નથી. શહેરના માત્ર સાત જ સેકટરોમાં સ્ટ્રોમ વોટર લાઈનનું કામ થઈ શકયું છે. અન્ય સેકટરોમાં ચોમાસા દરમિયાન જળબંબાકારની સ્થિતિ જોવા મળે છે. ત્યારે સેકટરોમાં વરસાદી પાણીનો ભરાવો અટકાવવા માટે ના પ્રોજેકટનું કામ હજુ પણ અભ્યાસુ તબક્કાથી આગળ વધી શકયું નથી. તંત્ર દ્વારા સેકટરોમાં વરસાદી પાણીના નિકાલ માટેની પાઈપ લાઈનનું કામ હાથ ધરવામાં એજન્સીને સર્વેનું કામ સોંપવામાં આવ્યું છે. બે મહિનાના અંતે સર્વેની કામગીરી પૂર્ણ થયા બાદ સ્ટ્રોમ વોટર લાઈનનું કામ આખરી થાય તેવી સંભાવના છે.

શહેરમાં વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થાના નામે મીંડુ છે. જેને પરિણામે વરસાદી દિવસોમાં સેકટરોના રીંગરોડ અને કોમન પ્લોટ સહિતના આંતરીક વિસ્તારોમાં જળબંબાકારીની સ્થિતિ જોવા મળે છે. સેકટરોમાં વરસાદી પાણીની લાઈનનું કામ હાથ ધરવા માટે તંત્ર દ્વારા અત્યાર સુધી બે વાર વિભાગને દરખાસ્ત કરવામાં આવી છે. હાલમાં શહેરના ૩૦ પૈકી ૭ સેકટરોમાં વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા ઉપ્લબ્ધ છે. જયારે અન્ય સેકટરોમાં પણ સ્ટ્રોમ વોટર લાઈનનું કામ હાથ ધરવા માટે તંત્ર દ્વારા જરુરી અભ્યાસ હાથ ધરવા એજન્સીને કામ સોંપવામાં આવ્યું છે. સેકટરોમાં ટેલીફોન વિજળી, પાણી અને ગટર સહિતની અનેક યુટીલીટીઝ લાઈન પસાર થતી હોવાથી સ્ટ્રોમ વોટર લાઈનનું કામ મુશ્કેલ હોવાનુ પણ મનાઈ રહ્યું છે ત્યારે આ મામલે જરુરી અભ્યાસના અંતે વરસાદી પાણીના નિકાલની લાઈન નાંખવા માટે આયોજન કરવામાં આવશે. આગામી બે મહિનામાં એજન્સી દ્વારા સર્વેની કામગીરી પૂર્ણ કરી દેવાશે. સુત્રોના જણાવ્યા મુજબ સેકટરોમાં વરસાદી પાણીની લાઈન માટે યોગ્ય અભ્યાસ અને સર્વે પૂર્ણ થયા બાદ એજન્સીના રિપોર્ટના આધારે આગળનું આયોજન કરવામાં આવશે.

**હાલ માત્ર ૭ જ સેકટરોમાં વરસાદી પાણીના નિકાલની લાઈન છે, સર્વેના અંતે અન્ય સેકટરોમાં પણ સ્ટોર્મ વોટર લાઈનનું કામ હાથ ધરાશે**






કુડાસણ ખાતે કાર્યરત ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડની કચેરીનું આ દ્રશ્ય છે, જ્યાં છેલ્લી તારીખે વીજબિલ ભરવા માટે સોમવારે દિવસભર ગ્રાહકોની લાંબી લાઈન જામેલી રહી હતી. અગાઉના દિવસોમાં રજાઓ આવી ગઈ હોવાથી અને સોમવારે બિલ ભરવાનો છેલ્લો દિવસ હોવાથી એકસાથે અનેક ગ્રાહકો વીજબિલનાં નાણાં ચૂકવવા માટે આવ્યા હતા, જેમને લાંબી લાઈનમાં ઊભા રહેવાનો વારો આવ્યો હતો કારણ કે કંપની દ્વારા બિલ વસૂલવા માટે એક જ કાઉન્ટર કાર્યરત રાખવામાં આવ્યું હતું. કલાકો સુધી ગરમીમાં ઊભા રહીને અકળાયેલા અનેક ગ્રાહકોએ બીજું કાઉન્ટર શરૂ કરીને કામ ઝડપી બનાવવા વિનંતી કરી જોઈ હતી, પરંતુ એની કંપની ઉપર કોઈ અસર થઈ ન હતી અને ગરમી સહન કરીને પણ કલાકો લાઈનમાં ઊભા રહેવાનો વારો ગ્રાહકોને આવ્યો હતો.

## રાંધેજા ખાતે લાયન્સ કલબ દ્વારા દર બુધવારે આરોગ્ય કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા.૧૧

લાયન્સ કલબ ગાંધીનગર દ્વારા છેલ્લા ૩૫ વર્ષથી સામાજિક, સાંસ્કૃતિક, શૈક્ષણિક તેમજ આરોગ્યને લગતી વિવિધ સેવાકીય પ્રવૃતિઓ કરવામાં આવે છે. ત્યારે આ વર્ષે ખાસ આરોગ્યને લગતા આંખ રોગ, દંત રોગ, બાળરોગ, સ્ત્રી રોગ, ચર્મ રોગ અને મોતીયા-ઓપરેશનના મેડીકલ કેમ્પનું રાજપુર, ચેખલા પંગી, સોજા, લુણાસણ-પ્રતાપપુરા, અચરાસણ સહિતના ગામોમાં આયોજન કરવામાં આવ્યું હતું.

આ ઉપરાંત લાયન્સ કલબ દ્વારા જિલ્લાના રાંધેજા-રૂપાલ રોડ, રેલવે ફાટક પહેલા સેવાશ્રમ ચલાવવામાં આવે છે. આ રાંધેજા સેવાશ્રમ ખાતે તા. ૧૩મી એપ્રિલને બુધવારના રોજથી દર્દીઓને દર બુધવારે તપાસીને વિના મૂલ્યે દવાઓ આપવામાં આવશે. જેમાં રૂપાલ, સોનીપુર, નારદીપુર તથા રાંધેજાના ગ્રામજનો લાભ મેળવી શકશે. આ સેવાકીય કાર્ય લાયન્સના ડૉ. અમૃતભાઈ પટેલ અને ડૉ. દિલીપભાઈ ત્રિવેદી દ્વારા કરવામાં આવશે. આ કેમ્પનો લાભ લેવા લાયન્સ કલબના પ્રમુખ જયંતીભાઈ પ્રજાપતિએ શહેરના દર્દીઓને અનુરોધ કર્યો છે.

# બીસીએ કોલેજ દ્વારા વિવિધ 'ડે'ની ઉજવણી

ગાંધીનગર, તા.૧૧

કડી સર્વ વિશ્વ વિદ્યાલયની ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ કોમ્પ્યુટર સ્ટડીઝ દ્વારા વિવિધ ડેઝની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ગ્રુપ ડે અને સોશીયલ અવેરનેસ ડે, પ્રોફેશનલ ડે, પ્લાન્ટેશન ડે અને સિગ્નચર ડે જેવા વિવિધ ડેઝ ઉજવવામાં આવ્યા હતા. આ વિશેની વધુ માહિતી આપતા વિદ્યાર્થીઓ અને અધ્યાપકોએ જણાવ્યું હતું કે વિદ્યાર્થી જીવનમાં સાંપ્રત સમસ્યાઓ જેવી કે કેન્સર, કુપોષણ, કન્યા કેળવણી, શિક્ષણની જરૂરિયાત વગેરે જેવા વિષયોને લઈને ગ્રુપ ડેની ઉજવણી કરવામાં આવી હતી. બીસીએ જેવા પ્રોફેશનલ કોર્સમાં વિદ્યાર્થીઓ ભણતા હોવાથી ભવિષ્યમાં કોર્પોરેટ કલ્ચરને અનુરૂપ તેઓએ પ્રોફેશનલ ડેની પણ ઉજવણી કરી હતી. પર્યાવરણની જાગૃતતાના શપથ લેતા તેઓએ કોલેજમાં ૨૦ કરતા વધારે નાના વૃક્ષોનું રોપણ કર્યુ હતું અને તેની જાળવણીની પ્રતિજ્ઞા લીધી હતી. સાથે સાથે તે વૃક્ષોનું વર્ષો વર્ષ જતન થાય તે માટે તેઓએ તેમના અનુગામી વર્ગોને આ જાળવણીની જવાબદારી આપી હતી. વૃક્ષારોપણમાં સ્ટાફમિત્રોએ પણ સક્રિય ભાગ લીધો હતો. કોલેજના અંતિમ વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ એકબીજાને શુભેચ્છાઓ આપીને સિગ્નેચર ડેની ઉજવણી કરી હતી.

સંસ્થાના ડીરેકટર ડૉ. સંજય એમ. શાહે આ પ્રસંગે જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓમાં વિવિધ સામાજિક સમસ્યાઓની જાગૃતતા, ટીમ એન્વાયરમેન્ટમાં કામ કરવાની તેઓની સજ્જતા અને એકબીજા પ્રત્યેનો આદરભાવ કેળવાય તે હેતુથી વિવિધ ડેની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓ અને અધ્યાપકોનો સંપૂર્ણ સહયોગ પ્રાપ્ત થયો હતો.



## @ગાંધીનગર

● તાવરિયાજી ગૃપ દ્વારા સવારે ૮.૦૦ થી ૯.૦૦ કલાક દરમિયાન સેકટર-૧૨, બલરામ મંદિર ખાતે લયબધ્ધ શ્વસન ક્રિયાથી સંપૂર્ણ સ્વાસ્થ્યની પ્રત્યક્ષ સમજ આપતો કાર્યક્રમ નિઃશુલ્ક પણે યોજાશે. આ ઉપરાંત બપોરે ૨.૦૦ કલાકે ઉદ્યોગભવન ખાતે પણ આ કાર્યક્રમ યોજાશે.

● આનંદ ગરબા મંડળ સે-૪ના દર્શનાબેન ઉપાધ્યાયના કંઠે આનંદનો ગરબો બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન રેખાબેનના નિવાસસ્થાન પ્લોટ નં. ૧૧૬૭/૨, સે-૪-બી ખાતે યોજાશે.

● આનંદ ગરબા મંડળ સે-૩-સીના મધુબેન કડીકરના કંઠે આનંદનો ગરબો બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન ઉષાબેન ત્રિવેદીના નિવાસસ્થાન પ્લોટ નં. ૨૯૨/૨, સે-૧-સી ખાતે યોજાશે.

● પારૂલબેન સોલંકીના નિવાસસ્થાન પ્લોટ નં. ૧૯૦/૨, સે-૪-એ ખાતે રાત્રે ૮ થી ૧૧ કલાક દરમિયાન આનંદનો ગરબો ગવાશે.

● માઈ મંડળ આનંદ ગરબા પરીવાર દ્વારા મંગળવારના રોજ રાત્રે ૮.૦૦ કલાકે નવરાત્રી ચોક બી-વન ટાઈપ અંબાજી મંદિર, સેકટર-૨૩ ખાતે સંજયભારતી બાપુની વ્યાસપીઠે સુંદરકાંડ પાઠ યોજાશે.

● ભાવનાબેન ગોકલાણીના કંઠે બપોરે ૨ થી ૪ કલાક દરમિયાન કમળાબેન પરમારના નિવાસસ્થાન એ-૫૧, કર્મચારીનગર, વિ-૨, રન્નાપાર્ક બસ સ્ટેન્ડ, ઘાટલોડીયા અમદાવાદ ખાતે આનંદનો ગરબો યોજાશે. આ ઉપરાંત મંગળવારના રોજ સાંજે ૫.૩૦ થી ૭.૦૦ કલાક સુધી ભદ્રકાળી મંદિર, લાલ દરવાજા ખાતે પણ આનંદના ગરબાનું આયોજન કરાયુંછે.

## ડૉ. આંબેડકરની ૧૨૫મી જન્મજયંતિ નિમિત્તે પુષ્પાંજલી કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૧૧

ડૉ. બાબા સાહેબ ભીમરાવ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતિ વર્ષની ઉજવણી સંદર્ભે ૧૪મી એપ્રિલ ૨૦૧૬ના રોજ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલી આપવા અંગેનો કાર્યક્રમ યોજવાનું આયોજન કરાયું છે. જેમાં માન. મુખ્યમંત્રી ગુજરાત રાજય તથા માન. મંત્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા દ્વારા સવારે ૭.૦૦ કલાકે ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવશે અને શિક્ષણ વિભાગ દ્વારા યોજાયેલ વકતૃત્વ સ્પર્ધામાં જિલ્લા કક્ષાએ પ્રથમ, દ્વિતિય અને તૃતિય ક્રમે આવેલા વિદ્યાર્થીઓ દ્વારા વકતવ્ય રજુ કરવામાં આવશે. આ કાર્યક્રમમાં ગાંધીનગરના સર્વે પ્રજાજનોને હાજર રહેવા અનુસૂચિત જાતિ કલ્યાણના નાયબ નિયામકે અનુરોધ કર્યો છે.

# શહેરીજનો રોજનો રૂ.૪૦૦૦૦નો લીલો ઘાસચારો ગાયને ખવડાવે છે

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર શહેરમાં અત્યારે હાલના સમયે દાન પૂણ્યનો માહોલ જામ્યો છે. ગાંધીનગર વિવિધ નામોની સાથે ધાર્મિક નગરીની પણ ઓળખ ધરાવે છે. ત્યારે શહેરમાં આવેલા સેકટરો તેમજ ન્યું ગાંધીનગર વિસ્તારમાં આવેલા ધાર્મિક સ્થાનો પર સવારના સમયે ગાયને ઘાસચારો ખવડાવતા ધર્મપ્રેમી નગરજનો દ્રશ્યમાન થાય છે. ધર્મપ્રેમી નગરજનો માટે અમદાવાદથી લીલો ઘાસચારો અંદાજે ૪૦૦ મણથી વધુ લઈને શહેરમાં હિન્દીભાષી યુવાનો સવારના ૫ વાગ્યાથી આવી જાય છે.



ગાંધીનગર શહેરમાં અત્યારે હાલ ગાયને ઘાસચારો ખવડાવવાનો માહોલ જામ્યો છે. શહેરના ધાર્મિક સ્થાનો પર ઘાસચારાને લઈને ઉભેલા યુવાનો નજરે પડે છે. ત્યારે શહેરના વિવિધ સ્થાનોપર ૪૫ થી વધુ યુવાનો ઘાસચારો ભરીને સાયકલ લઈને ગોઠવાઈ જાય છે. આ યુવાનો જયા ઉભા રહેતા હોય છે તે સ્થાનોની બાજુમાં ગાયો પણ ટાઈમસર આવી જતી હોય છે. દરેક યુવાન રોજના અંદાજે ૮ થી ૧૦ મણ ઘાસચારાનું વેંચાણ કરે છે. સવારથી જ જીવદયા પ્રેમીઓ આવીને પોતાની શકિત મુજબ ઘાસ ગાયને ખવડાવતા હોય છે. આ યુવાનોનું કહેવું છેકે મોટાભાગના જીવદયાપ્રેમીઓ રુ.૨૦થી ૧૦૦ નું ઘાસ ગાયને ખવડાવીને દાન કરતા હોય છે. જયારે કોઈ સ્વજનની પૂણ્યતિથિ કે જન્મદિન નિમિતે ખાસ મોટી માત્રામાં ગાયને લીલા ઘાસચારો નીરવે છે. યુવાનો રુ.૭૦થી ૮૦ના ભાવે લાવેલ ઘાસને રુ.૧૦૦ના ભાવે વેચાણ કરીને રોજગારી પણ મેળવે છે. સવારથી બપોર સુધીમાં યુવાનો રુ. ૧૫૦ થી ૨૦૦ કમાઈ લે છે. શહેરમાં ગાયને ઘાસચારો તેમજ યુવાનોને રોજગારી મળી રહે છે તેવા ઉમદા હેતું થી નગરજનો એક શુભ કાર્યમાં બે શુભ કાર્ય કરતા હરખાય છે.

## ડાન્સ-૨૦૧૬ સમર કેમ્પમાં હિપ હોપ અને બૉલીવુડના લેટેસ્ટ નૃત્યો શિખવાડાશે

**ઘ-૫ નજીક સ્વામિનારાયણ ગુરુકુલ વિદ્યાલય ખાતે તા. ૧૮મી એપ્રિલથી કેમ્પનો પ્રારંભ થશે : ૧૫ વર્ષ સુધીના બાળકો તેમની માતા સાથે સામેલ થઈ શકશે**

ગાંધીનગર, તા.૧૧

શાળાઓમાં ઉનાળુ વેકેશનનો પ્રારંભ થતા જ શહેરમાં સમર કેમ્પની મૌસમ જામી છે. આજના સ્પર્ધાત્મક યુગમાં સમયની સાથે કદમ મિલાવવા બાળકોએ અભ્યાસેત્તર પ્રવૃત્તિઓમાં ભાગ લઈ પોતાની પ્રતિભાને તમામ સ્તરે નિખારવી આવશ્યક બની રહી છે. લગભગ મોટા ભાગના સમર કેમ્પમાં વિવિધ રમતો અને રંગમંચ આધારિત સ્કીલ શિખવાડવામાં આવે છે અથવા ટ્રેકીંગ, માઉન્ટેનરીંગ જેવી એડવેન્ચર સ્પોર્ટસ એકિટવીટીને પ્રાધાન્ય અપાય છે ત્યારે શહેરમાં એક એવા સમર કેમ્પનું આયોજન કરાયું છે જે માત્ર ડાન્સ આધારિત છે.

સે-૨૩માં ઘ-૫ નજીક સ્વામિનારાયણ ગુરુકુલ વિદ્યાલય ખાતે તા. ૧૮મી એપ્રિલથી તા. ૧૭મી મે સુધી ચાલનારા 'સમર કેમ્પ ડાન્સ-૨૦૧૬'માં ૧૫ વર્ષથી નીચેની ઉંમરના બાળકો ભાગ લઈ શકશે. એટલું જ નહી પરંતુ આ બાળકો સાથે તેમની માતા પણ આ કેમ્પમાં સામેલ થઈ શકે છે. નૃત્ય અને સંગીત આધારિત આ કેમ્પમાં હિપહોપ, બૉલીવુડ, સેમી કલાસિકલ સિરિકલ સહિતના ડાન્સના લેટેસ્ટ વર્ઝન શિખવાડવામાં આવનાર છે. નિષ્ણાંત કોરિયોગ્રાફર અને ડાન્સર દ્વારા શિબિરાર્થી બાળકો અને તેમની માતાઓને તાલીમ આપવામાં આવશે. સપ્તાહમાં સોમથી શનિ દરરોજ સવારે ૮.૩૦ થી ૧૦ વાગ્યા દરમિયાન યોજાનાર આ ડાન્સ ૨૦૧૬ સમર કેમ્પમાં ભાગ લેવા માટે બાળક દીઠ રૂ.૩૦૦ની ફી રાખવામાં આવેલ છે પરંતુ જો માતા સાથે સામેલ થાય તો કુલ ફીમાં રૂ.૧૦૦નું ડિસ્કાઉન્ટ પણ આપવામાં આવી રહ્યું છે. ડાન્સ ૨૦૧૬ સમર કેમ્પમાં ભાગ લેવા માંગતા બાળકોના વાલીઓએ કેમ્પના આયોજક અંકિત સુતરિયા અથવા અંજલિ તન્નાનો સંપર્ક સાધવા જણાવવામાં આવ્યું છે.

## વાતવાતમાં

● સિવિલના ઓપીડી બીલ્ડીંગમાં ગાયનેક વિભાગના ઓપીડી રૂમ બહાર દર્દીઓને વેઈટીંગ માટે મૂકવામાં આવેલ બાંકડામાંથી એક બાંકડો અચાનક તુટી જતા દર્દી નીચે પડી જવા પામ્યા હતા. આ લોખંડના બાંકડા નવા જ હોવા છતા તેની આ મજબૂતાઈ જોઈ ભ્રષ્ટાચારની શંકા પેદા કરે છે.

● ગાંધીનગરના મહિન્દ્રા ઓટોના શો-રૂમથી છાલા ગામેથી એક ગ્રાહકના સર્વિસ કોલ પર બે સર્વિસ બોય ગયા હતા જેમને કાર માલિકે 'મારી ગાડી બદલી આપો'ની માંગણી સાથે ગોંધી રાખ્યા હતા. મોડી સાંજ સુધી તેમને કાર માલિકે ના છોડતા છેવટે કંપનીના શો રૂમના સત્તાવાળાઓએ કર્મચારીઓને ગેરકાયદે ગોંધી રાખવાના ગુનાની પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

● રવિવારે રાત્રે ૧૧ વાગ્યાની આસપાસ પથિકાશ્રમ સર્કલ પાસેના વીટકોસ બસના ડેપો નજીક આવેલ એક નોનવેજ વાનની લારીએ કોઈ કારણસર માથાકૂટ થવા પામી હતી. આ માથાકૂટ મારામારી સુધી પહોંચતા મામલો પોલીસ સ્ટેશન સુધી લંબાયો હતો.

● સતત ત્રણ દિવસની બેંક રજા બાદ શહેરમાં સોમવારે બેંકો ખુલતા જ ભારે ભીડનો માહોલ જોવા મળ્યો હતો. ગ્રાહકોની ભીડના કારણે કેટલીક બેંકોની શાખાઓમાં નાની મોટી તકરાર અને બોલાચાલીના પ્રસંગો સર્જાયા હતા.

● ઉનાળાના પગલે ગાંધીનગરના બજારમાં અનેક તાજા ફળોનું આગમન થયું છે. જો કે બજારમાં અત્યારે સૌથી વધુ વર્ચસ્વ તરબૂચનું જણાય એટલો મોટો પુરવઠો જોવા મળી રહ્યો છે.

● બોર્ડની પરીક્ષાઓ પૂર્ણ થતા શહેરમાં વિદેશ અભ્યાસ માટે લઈ જતી કંપનીઓએ તેમની માર્કેટીંગ ગતિવિધિઓ વધારી દીધી છે. આ કંપનીઓ દ્વારા વિદ્યાર્થીઓને આકર્ષવા નિઃશુલ્ક સેમિનાર્સની ભરમાર સર્જવામાં આવી છે. જેમાં યેનકેન પ્રકારે રજીસ્ટ્રેશન કરાવવા તમામ હથકંડા અપનાવાઈ રહ્યાં છે.

# શહેરમાં વધતા પથરીના દર્દીઓ

**ગરમીમાં પથરીના દુઃખાવાની ફરીયાદોમાં વધારો : પાણી વધારે પીવાની તબીબોની સલાહ**

ગાંધીનગર, તા.૧૧

ઉનાળાની મકકમ શરૂઆતે જ લોકોને દઝાડી દીધા છે. મોટા ભાગે ગરમીમાં જ પથરીનો દુઃખાવો ઉદભવતો હોવાની સંભાવનાઓ સાચી પડતી હોય તેમ હાલ પથરીના રોગથી પીડાતા દર્દીઓની સંખ્યા વધતી જઈ રહી છે. શરીરમાં પૂરતા પ્રમાણમાં જોઈતી પાણીની માત્રા ઘટી જવાથી પથરીનું હલન ચલન વધી જતાં અસહ્ય દુઃખાવાને આમંત્રણ આપે છે. જેથી પાણી વધારે પીવાની તબીબો સલાહ આપે છે. શહેરના ખાનગી તથા સરકારી દવાખાનાઓમાં પથરીથી પીડાતા દર્દીઓ દિન પ્રતિદિન વધી રહ્યા હોવાનું જાણવા મળ્યું છે.

માનવશરીરની રચના મુજબ શરીરમાં વણ જોઈતા પદાર્થો હોય તે શરીર સહન કરી શકતું નથી. તે મુજબ ક્ષાર અથવા તો કેલ્શીયમ થકી થતી પથરી પણ માનવશરીર સહન કરી શકતું નથી અને તેની અસરોમાં મનુષ્ય અસહ્ય પીડા અનુભવવા લાગ છે. શરીરમાં આપો આપ પેદા થતી પથરી ઉનાળામાં સૌથી વધુ સક્રીય બને છે તેવી હાલ શહેરમાં પથરીથી પીડાતા દર્દીઓની સંખ્યા વધવા લાગી છે. ઓછુ પાણી પીવાવાળા લોકોને સમસ્યા વધુ ઉભી થાય છે. જેમાં તબીબોના જણાવ્યા મુજબ કીડનીની પ્રોસેસીંગ ક્રિયા દરમિયાન પાણી ઓછુ હોવાથી આ ક્રિયા ઝડપથી થઈ શકતી નથી અને ઝીણા ઝીણા રજકણો ભેગા મળી પથરીનું સ્વરૂપ ધારણ કરી લે છે. જેથી પથરીથી પીડાતા લોકોએ સૌથી વધારે પાણી પીવું જોઈએ તેવી સલાહ તબીબો આપી રહ્યા છે.



ગમે તે સમયે અને ગમે ત્યારે ઉપડતી પથરી દર્દીને હચમચાવી નાખે છે અને ફરજીયાત તબીબના ત્યાં જવા મજબૂર કરી નાખે છે. તબીબની યોગ્ય સારવાર બાદ જ હાશકારો અનુભવતા આ દર્દીઓ દુઃખાવાની ચરમસીમાનો અનુભવ કરી લે છે. જો કે તબીબોએ દર્દીઓને પોતાની નિત્ય ક્રિયામાં ફેરફાર કરવાનું જણાવી બી વાળા શાકભાજી જેવા કે ટામેટા, ભીંડા, કારેલા તથા અન્યથી દુર રહેવા જણાવે છે. હાલમાં અંગ દઝાડતી ગરમી પડી રહી છે. જેમાં પથરીના દર્દીઓએ સાવચેત રાખી પાણી સાથે જ રાખવાની સલાહ પણ તબીબો આપી રહ્યા છે. વધુમાં લીંબુ શરબત કે અન્ય પીણા પણ લેવા જોઈએ તેવું પણ તબીબો જણાવી રહ્યા છે છતાં પણ શરીરમાં રહેલી પથરીને નિયમિત ઈલાજ થકી દુર કરાવી દેવી અત્યંત જરૂરી હોવાનું પણ તબીબો માની રહ્યા છે. જો કે શહેરમાં ગરમી પડવાની શરૂઆત થકી જ પથરીના દર્દીઓની સંખ્યામાં થઈ રહેલો વધારે ચિંતાજનક બન્યો છે જેથી ક્ષારને દુર કરી એટલે કે પાણીને ઉકાળીને જ પીવાની સલાહ પણ અપાઈ રહી છે.

## ચાર વર્ષથી વોન્ટેડ આરોપી ઝડપાયો : એસઓજીની ટીમે હળવદથી કરી ધરપકડ

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર એસઓજી પી.આઈ. પી.બી. ચૌહાણની સુચનાથી તેમની ટીમના પીએસઆઈ એમ.પી. ચૌહાણ તથા માણસો નાસતા ફરતા આરોપીઓ પકડવા સક્રીય છે ત્યારે કલોલ તાલુકા વિસ્તારમાં ચાર વર્ષ પહેલા નોંધાયેલા આઈપીસી કલમ ૩૬૩, ૩૬૬, ૧૪૪ ના ગુનામાં વોન્ટેડ અંબારામ ચતુરભાઈ મકવાણા નામનો શખ્સ પોલીસને હાથ લાગતો ન હતો. ચોકકસ બાતમીને આધારે એસઓજી પીએસઆઈ એમ.પી. ચૌહાણ તથા ટીમે હળવદ ખાતેથી આ વોન્ટેડ આરોપીને શોધી કાઢી તેની ધરપકડ કરી લઈને કલોલ તાલુકા પોલીસને સોંપી આપ્યો છે.

### ચિરવિદાય

- સ્વ. જગદીશભાઈ પૂનમભાઈ બાવરી, ઉ.વ. ૨૦
- સ્વ. મંગાજી ચંદુજી રાઠોડ, ઉ.વ. ૬૩
- સ્વ. જયંતિજી મણાજી ઠાકોર, ઉ.વ. ૪૦
- સ્વ. અજમલજી નાનાજી ઠાકોર, ઉ.વ. ૫૦
- સ્વ. ભવાનજી જવાનજી વાઘેલા, ઉ.વ. ૮૩